સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

દુર્યોધન સેના સામે, ઉદ્ધવ-તમારું કામ નહીં !
શરદ-કૉંગી ચાલ સામે, ઉદ્ધવ તમારું કામ નહીં!
બાફ્યા કરો તમે ભાજી-ઉદ્ધવ તમારું કામન નહીં!
આ 'મહાભારત'માં ઉદ્ધવ તમારું કૈ કામ નહીં !

હાઈકુ

કોરોના હાંડી
માં બફાય કંઈક -
મહારાષ્ટ્ર માં...

મહામારીમાં
સાચવવી જાતને -
ઘણું કઠિન...

ચિંતન

તથા ભોગાય ભવતિ, ચિકિત્સિતગંદ્રો યથા ।
ઉપદિષ્ટે અનિષ્ટ હે તૌ, તત્તત્કર્તુ યતેત કઃ ॥

ઉપરોક્ત સંસ્કૃત સુભાષિત ભાંડાગારમાંથી લેવામાં આવેલ છે.

કોઈ પણ રોગ-દર્દ-પીડાની ચિકિત્સા સારવાર લેવાથી મટે છે, તેમ કર્મફળ પણ ભોગવવાથી કર્મોની સમાપ્તિ થાય છે. (એટલે કર્મોનું ફળ પરિણામ હસતે રમતે ભોગવી લેવું જેમ રોગની વૃદ્ધિ માટે કોઈ વૈદ્ય સારવાર કરતા નથી અને રોગ વધારવા માટે કરીને કોઈ સારવાર લેતું નથી. તેથી, તેવી જ રીતે અનિષ્ઠ ફળ આપનાર કર્મ કરવાં પણ નહીં કે અનિષ્ઠ કર્મફળની ઈચ્છા પણ ન કરવી.

કર્મના ફળ વહેલાં કે મોડા મળે જ છે. જૈન ધર્મમાં પાયાના સિદ્ધાંતમાં જ છે કે કર્મ બાંધવા નહીં, ગીતાજીમાં ફળની અપેક્ષા વિના કર્તવ્ય ધર્મ બજાવવો. ઈશ્વરના કાર્યની રીતે તટસ્થતાથી કર્મ કરવા.

આ જન્મનાં દુઃખ, સંતાપ, પીડા. જે કંઈ હોય તે રડતાં રડતાં કરતાં કોઈ અન્યને કારણરુપ ન સમજતાં - આપણાં કર્મનું ફળ સમજી હસતાં - હસતાં વિધાતાની પ્રસાદી સમજી સ્વીકાર કરવો.

સુવિચાર

- સંસાર મેં 'મનુષ્ય' એક માત્ર 'પ્રાણી' હૈ, જિસકા 'ઝહર' ઉસકે 'શબ્દોં'મેં હૈ - **શર્વરી મહેતા**
- વેરના સામ્રાજયમાં સૂર્ય નહીં માણસ આથમે છે - **જીવન પાથેય**
- વિચાર અને વિકાર એક વૃક્ષનાં બે જ ફળ છે, વિચારની દિશા બદલો, વિકાર ખુદ ભાગી જશે ! - **એસ. ભટ્ટાચાર્ય**
- પૂજાવાના અને ધનના લોભે સાધુ પુરુષોમાં પણ પાખંડ પ્રવર્તે છે - **વલ્લભાચાર્ય**
- શું માણસ કેવળ પોતાને માટે જ જીવવા સર્જાયો છે? જો આ પ્રશ્નનો જવાબ હા હોય તો માતા નામની ઘટનાનો છેદ જ ઊજી જાય છે, આ જગત માતૃત્વ પર ટકેલું છે - **ગુણવંત શાહ**
- માણસના બધા જ ખજાનાની ચાવીઓ લઈને ભગવાને શિક્ષકને મોખલ્યો છે. મારી પાસેની આ ચાવીથી આ ખજાનો ખૂલશે જ તેવી શ્રદ્ધા શિક્ષકમાં હોવી જોઈએ - **ધીરુભાઈ ઠાકર**
- આજનું ઔષધ : ખાલી પેટ શેકેલા જીરાનો પાઉડર ચમચી સવાર-સાંજ કાયમ ખાવાથી, શરીરમાં ખરાબ કોલેસ્ટ્રોલનું પ્રમાણ ઘટે છે. **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

સમ્રાટ સોલોમન ખૂબ બુદ્ધિશાળી માણસ હતો. તેને એક સ્ત્રી ખૂબ ગમી ગઈ. સોલોમને એને લગ્ન કરવાનો પ્રસ્તાવ કર્યો. સ્ત્રી પણ ચતુર હતી એણે કહ્યું હું પણ સમ્રાટની પરીક્ષા કરીશ. પછી નિર્ણય લઈશ. સમ્રાટનો દિવાન-એ-ખાસ મોટો ખંડ હતો. અંદાજે એકસો ફુટ લાંબો અને એકસો ફુટ પહોળો. એ ખંડના એક છેડે પેલી સ્ત્રી હાથમાં બે ફુલ લઈને ઊભી રહી. સમ્રાટ ગાદી પર બેઠો હતો. અને ત્યાંથી સ્ત્રીએ પૂછ્યું, 'મારા હાથમાં બે ફૂલ છે. એમાંનું એક અસલી છે અને બીજું નકલી છે તમે ત્યાં બેઠા બેઠા પકડી પાડો કે સાચું ફૂલ કયું છે. તો હું તમારો પ્રસ્તાવ સ્વીકારું.' બે ય ફુલ બિલકુલ એક સમાન જેવા. સમ આકાર, સમ રંગ નિર્ણય કરવામાં ભૂલ પડે એવું થયું. સ્ત્રીને સમ્રાટે કહ્યું. હજી થોડા દૂર ઊભા રહેવું હોય તો પણ ઊભા રહોય પણ મારું એટલું માનો કે આ ખંડની બારીઓ ખોલવાની રજા આપો.' પેલી સ્ત્રીએ બારી ખોલવાની હા પાડી. આ બારી ખુલતાં જ સુંદર બગીચોજોવા મળે તેવી વ્યવસ્થા હતી. બારી ખુલી એટલે એક મધમાખી ઊડતી ઊડતી આવી અને પેલી સ્ત્રીના હાથમાં જે ફૂલ હતાં તેમનામાં એક પર બેસી ગઈ. સમ્રાટે કહ્યું, 'મધમાખી જે ફૂલ પર બેસી તે જ ફૂલ સાચું.' સ્ત્રી સોલોમનના ચાતુર્ય પર વારી ગઈ. સમ્રાટે કહ્યું, 'દેવી, હું ભૂલ કરી શકું, પણ મધમાખી ભૂલ ન કરી શકે.'

ગુજરાત હાઈકોર્ટ દાખલો બેસાડી શકશે

તંત્રીસ્થાનેથી...

મહાત્મા ગાંધી તો અંગ્રેજીને પણ અંગ્રેજો સાથે જ વિદાય આપવા માગતા હતા, પરંતુ કાળા અંગ્રેજોએ એ પારકી ભાષાને વળગી રહેવાનું પસંગ કર્યું હતું. તુર્કીની આઝાદી સાથે જ કલામ આતા તુર્કે માતૃભાષામાં વહીવટ ચલાવવાનો આદેશ કરી દાખલો બેસાડ્યો હતો અને યહૂદીઓની ભૂમિ ઈઝરાયેલ મૃતઃપ્રાય બની ગયેલી હિબ્રૂને પુનર્જીવિત કરીને રાષ્ટ્રીયતાનો પરચો આપ્યો હતો. હિંદુસ્તાનને ગુલામી કોઠે પડી ગઈ હોઈ એણે વિદેશી ભાષા, વિદેશી જીવનશૈલી અને વિદેશી વહીવટતંત્રને આત્મસાત્ કરી દીધું. એની પાસે હજારો વર્ષોની મૂઠી ઊંચેરા સંસ્કાર હતા, વિચારધારા હતી, જીવન પદ્ધતિ અને વહીવટી વ્યવસ્થા હતી : ક્યાંય શોધી ન જડે એવી આયુર્વેદિક અને નિસર્ગોપચારની ઔષધીય વ્યવસ્થા પણ હતી. પરંતુ એ બધું કોરાણે મુકાઈ ગયું. આપણી ન્યાયપદ્ધતિમાં કઠોરતા કરતાં કરુણા વિશેષ હતી. બુદ્ધનો સંદેશ હતો -

હણો ના પાપીને, દ્વિગુણ બનશે પાપ જગનાં :
લડો પાપો સામે વિમલ દિલના ગુમ બળથી !

એ બધું ગ્રંથોમાં જ દટાયેલું રહ્યું અને રાજયબંધારણથી લઈ ન્યાયપદ્ધતિ અને તબીબી સેવાઓ કે શાસન શૈલી સહિત તમામ બાબતો આપણે જેની ગુલામી સામે ઝઝૂમ્યા હતા એ અંગ્રેજ રાજ પાસેથી જેમની તેમ સ્વીકારી લીધી. આ મહાન દેશની અધોગતિના મૂળમાં જ આ મનોવૃત્તિ પડેલી છે. બીજું બધું તો ઠીક, પણ એ ન્યાયપાલિકાને સ્વાયત્તતા બક્ષી પ્રજાના એક માત્ર છેલ્લા વિશ્વાસનું સ્થાનક બનાવાઈ એનો વહીવટ પણ હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટ સ્તરે અંગ્રેજીમાં જ થાય એવો દુરાગ્રહ કોઈ પણ લોકશાહી માટે લપડાક સમાન જ ગણાવો જોઈએ. આવડા મોટા દેશમાં આટલી બધી સમૃદ્ધ ભાષાઓ હોવા છતાં સૌથી વધુ બોલાતી અને સમજાતી હિંદી ભાષાને પણ એ સમ્માન ન જ સાંપડ્યું. એક અભણ નાગરિક દેશનો વડાપ્રધાન કે રાષ્ટ્રપતિ તો બની શકે, પરંતુ એની સામે કોઈ આરોપ થશે કે એ કોઈની વિરુદ્ધ ફરિયાદ કરશે તો ઉચ્ચ ન્યાયાલય સ્તરે એને માત્ર અને માત્ર અંગ્રેજીમાં ગોટપીટ કરતા કાળા ડગલાઓના મોઢા સામે જોઈ રહેવું પડશે. ગુજરાત હાઈકોર્ટે મુખ્ય ન્યાયામૂર્તિ વિક્રમનાથની આગેવાનીમાં એક વખાણવાલાયક પહેલ કરીને પ્રાદેશિક ભાષામાં ચુકાદાઓની નકલ વેબસાઈટ પર મૂકવાની શરૂઆત કરવાનો સંકેત આપ્યો છે. જોકે અનેક ચુકાદાઓ પૈકી કોઈ એક જ ચૂકાયો ગુજરાતીમાં અનુવાદિત કરીને વેબસાઈટ પર મુકાશે અને તે પાછો અદાલતી કાર્યવાહીમાં તો ખપમાં નહીં લઈ શકાય, ત્યાં તો અંગ્રેજી અમ્માનો જ પડ્યો બોલ ઝિલાશે. એમ છતાં, આ એક આવકારવાલાયક પગલું છે અને આજે નાનકડું ખોડીબારું ઊઘડ્યું છે તો ભવિષ્યમાં એ ભવ્ય દરવાજાનું સ્વરુપ લઈ શકશે એવા વિશફુલ થિંકિંગમાં રાચવાનું આપણને જરૂર ગમવું જોઈએ. દેશની ગરીબ, દલિત-શોષિત-વંચિત પ્રજાને ક્યાં સુધી 'ઊઠાં' ભણાવી શકાશે? ક્યારેક એ જ પ્રજાનો આક્રોશ ભભૂકી ઊઠશે તો સંસદ ભવન કે સુપ્રીમ કોર્ટની ઈમારતોનાં કાંગરા સલામત નહીં રહે તે વેળાસર સમજી લેવાની જરૂર છે. ગુજરાતી ભાષાના વિશ્વકવિની પેલી જાણીતી પંક્તિઓ યાદ આવે છે :

ભૂખ્યાં જનોના જઠરાગ્નિ જાગશે,
ખંડેરની ભસ્મકણી ન લાધશે !

પ્રિવેન્શન ઓફ કોમ્પ્યુટર મીસયુઝ : (ઈન્ફોર્મેશન ટેકનોલોજી એક્ટ, ૨૦૦૦ અંતર્ગત સમજૂતી)

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

કોમ્પ્યુટરની માહિતીનો દૂરપયોગ ન થાય તે માટે અટકાયતના તેની શોધખોણ માટેના અને દૂરપયોગથી દૂર રાખે તેવા પગલા લેવા માટે ઈન્ફોમેશન ટેકનોલોજી એકટ અંતર્ગત કોમ્પ્યુટરની દૂરપયોગ સામે તેના શંકાજનક ભંગ વિશે તુરંત જ રીપોર્ટ કરવા માટે સેન્સીટીવ ઈન્ફોમેશન સંવેદનશીલ માહિતીનો જપ્તો રાખવા માહિતીના ભંડારને ફેરવી શકાય તેવા અને રક્ષિત મિડીયામાં સંગ્રહ કરવામાં આવશે અને તેને કોડ ભાષામાં શબ્દોમાં લખવાની હોય છે જેથી કે અનધિકૃત વ્યક્તિઓ તે ઉકેલી ના શકે. આ રીતે કોમ્પ્યુટરને એકલા વાયરસથી જ નહી પરંતુ દુશ્મન દેશના જાસૂસથી તેમજ અન્ય ત્રાહિત વ્યક્તિ અને હેકરથી રક્ષિત કરવામાં આવે છે. જેમાં શંકાજનક ભંગ થાય તો તરત જ કેન્દ્રને રિપોર્ટ કરવાનો રહે છે. કેન્દ્ર આવા શંકાજનક ભંગનું યોગ્ય અન્વેશણ એના સ્વરૂપનો અંદાજ અને આકારણી કરી સરકારને રીપોર્ટ કરે છે. જ્યારે આવી શંકાસ્પદ બાબતોનો રીપોર્ટ મળે તેને આપવી આવા ભંગ કરતાની શોધ અને સંબંધીથી વ્યક્તિ સુધી પહોંચવાની પ્રાથમિકતા સરકારની છે. આ માટે સરકારના કોઈપણ વિભાગમાં જ્યાં સુરક્ષા, સલામતી અને દેશના નાગરિકોની સલામતી માટે પગલા ભરવા તથા સંરક્ષણની વિગતો લીકનાં થાય તે માટે આવા વિભાગોમાં આઈ કાર્ડ વગર ત્રાહિત વ્યક્તિના પ્રવેશ માટે નિષેધ ફરમાવવામાં આવે છે.જે ઈન્ફોમેશન ટેકનોલોજી એકટની કલમ : ૫-૪ માં જણાવ્યા પ્રમાણે સિક્યુરિટી ગાઈડ લાયસન્સમાં જણાવ્યા મુજબ પગલા ભરવામાં આવે છે. આનો ભંગ કરનારને ૩ વર્ષે ઉપરની સજા તથા દંડની જોગવાઈ ઈન્ફોમેશન ટેકનોલેજી એક્ટ, ૨૦૦૦ માં દર્શાવેલ છે.

કોમ્પ્યુટર સિક્યુરીટી ભંગના બધા જ બનાવો સીસ્ટમ એડમીનીસ્ટ્રેટરને અથવા સીસ્ટમ સિક્યુરીટી એડમિનિસ્ટ્રેટરને ભવિષ્યમાં આવા બનાવો બનતા અટકાવવા માટે રીપોર્ટ સરકારને કરવામાં આવે છે.

કોમ્પ્યુટરની માહિતીનો ડેટાનો કહેવાતો દુરપયોગ અટકાવવા માટે તેના સ્વરૂપને નક્કર કરવા માટે અને ભવિષ્યમાં આમ થાય તો તે અટકાવવાને માટે લેવાનાર પગલા પણ આ એક્ટ અન્વયે ભરવામાં આવે છે. જેમાં સીસ્ટમ એડમીનીસ્ટ્રેટરના રોલની ચકાસણી તેની ભૂમિકાની ચકાસણી આવી તપાસ માટેની કાર્યરીતી આ એક્ટ મુજબ નક્કી કરવામાં આવી છે. આ માટે સલામતીના પુનઃરક્ષણ માટેના વિસ્તારો અને તે નક્કી થયા બાદ તે પછી લેનાર પગલા (ફોલોઅપ)ની વિગતો ઉપર સુધી રીપોર્ટ સ્વરૂપે મોકલવામાં આવે છે.

આ માટે સરકારના દરેક વિભાગોમાં કોમ્પ્યુટર સીસ્ટમ અથવા કોમ્પ્યુટર નોડ (દ્રંદ્ધી) ઉપર સિક્યુરિટિ કંટ્રોલ્સ બેસાડવામાં આવે છે. જે ઈન્ફોમેશન ટેકનોલોજી એક્ટની કલમ : ૬માં જણાવ્યા મુજબ તેના નિતિ નિયમો અનુસાર કાર્યે કરવામાં આવે છે. તેમજ કલમ : ૬ ના ભંગ બદલ સજા અને દંડ કસૂરવારને ફરમાવવામાં આવે છે. કોમ્પ્યુટરની કોઈપણ સીસ્ટમ સોફ્ટવેર અથવા કોમ્પ્યુટર રિસોર્સ સિસ્ટમમાં પ્રવેશ ફક્ત ત્યારે જ મળવો જોઈએ કે જ્યારે પ્રવેશ નિયંત્રિત કરનારી સિસ્ટમ તેને તેમ કરવા માટે અધિકૃત કરે છે.

ઈન્ફોમેશન સિસ્ટમ રીસોર્સીઝમાં પ્રવેશ એવી જ મેમરી, સ્ટોરેજની યુક્તિઓ વગેરે સંવેદનશીલ વપરાશ અને ડેટા રિસોર્સીઝ તથા પ્રોગ્રામ ફાઈલ્સ નીડ ટૂ પૂસ ના આધારે અને ફરજની યોગ્ય અલગ કાર્યવાહી મુજબ નિયંત્રણમાં રાખવામાં આવે છે. અગર તેને રોકવામાં આવે છે.

સિસ્ટમનું રક્ષણ કરવા માટે દરેક વિભાગો, કાર્યક્ષેત્રમાં કોમ્પ્યુટરના અલગ અલગ પાસવર્ડ ખાતા દિઠ આપવામા આવ્યા છે તેની માહિતી જે તે ખાતાના હેડને અગર કોમ્પ્યુટર સેલના વડાને જ હોવી જોઈએ. ડેટા રીસોર્સીઝ સિક્યુરિટી એક્ષ્પોઝરની અવગણના કરે ત્યારે વાપરવામાં આવેલ બધા જ પાસવર્ડ

સાયબર હુમલાથી હેકર્સથી બચે અને ડેટા સલામત રહે તે માટે પાસવર્ડનો ઉપયોગ કરવામાં આવે છે. જેની જાણકારી ઈન્ફોમેશન ટેક્નોલોજી એક્ટ ની કલમ : ૬ (૨) મુજબ ફક્ત ખાતાના વડા અધિકારીને જ હોય છે.

વપરાશ કરતાને યુઝર્સને અલગ આઈ.ડી. આપવામાં આવે છે. કોમ્પ્યુટર વાપરનારાઓને પાસવર્ડનો ઉપયોગ કરવા માટે યોગ્ય શિક્ષણ આપવામાં આવે છે. જે આઈ.ડી. કોઈપણ અજાણ્યા માણસો સાથે શેર કરવાનો નથી. બે વાપરનારા વચ્ચે એક યુઝર આઈ.ડી. ના હોઈ શકે.

ગુપ્ત પાસવર્ડની વિગત સંગ્રહ કરેલા ગુપ્ત શબ્દને (પાસવર્ડ) અનધિકૃત રીતે છતો કરતા આઈ.ડી. બચાવશે. અને તેમાં ફેરફાર કરતો પણ અટકાવશે. જે ઈન્ફોમેશન ટેકનોલોજી એક્ટ, ૨૦૦૦ની કલમ : ૬ (૩) મુજબના નિતિ નિયમો મુજબ પાળવાના રહેશે. તેમજ તેના ભંગ બદલ ૩ વર્ષેથી વધારે સજા અને દંડની જોગવાઈ કાયદામાં રાખવામાં આવી છે. આજના યુગમાં દરેક ખાનગી, સરકારી કે અર્ધ સરકારી તેમજ કોર્પોરેશન ફાઈલ કંપનીના ડેટા ડીઝીટલ સ્વરૂપે સચવાય છે. જે કોમ્પ્યુટર સેલના ચીફ અધિકારીના તાબામાં મુકવામાં આવે છે જેનો હેકર્સ ઉપયોગ કરી માહિતી ચોરે છે, વેચે છે. અગર તો પ્રોડક્ટ કે ડેટાનું ડુપ્લીકેશન કરી નફો રળે છે, સલામતી જોખમાય તેવા કાર્યો કરે છે. જેના માટે કાયદાના ભંગ બદલ યોગ્ય સજાની જોગવાઈ ઈન્ફોમેશન ટેકનોલોજી એક્ટમાં જણાવેલ છે.

મો. ૯૮૨૫૪ ૫૦૧૯૧
- into@trivediassociates.in

ગાંધી દર્શન : રિચાર્ડ એટિનબરોની દૃષ્ટિએ

WhatsApp ઑફ ધી વીક
નેહલ ગઢવી

પ્રેમ નામના પ્રદેશમાંથી પોસ્ટ બધીયે બાંધી,
સતનું સરનામું છે ગાંધી.
ગાંધી ચશ્માંથી જોવાતી આઝાદીની આંધી,
સતનું સરનામું છે ગાંધી.
દિલ દેશનું કર્યું ધબકતું સંવેદનથી સાંધી,
સતનું સરનામું છે ગાંધી.

- હરદ્વાર ગોસ્વામી

(સત્યનુ સત તરીકે ઉપયોગ કરવામાં છુટ લીધી છે)

ગઈ સદીના વિશ્વના શ્રેષ્ઠ પુરુષ ગુજરાતી હતા એ વાત વિચારતાં જ અપ્રતિમ આનંદ અને ગૌરવની લાગણી થાય છે. દેશમાં તો તેમની પ્રેરણા અને માર્ગદર્શન પ્રમાણે સ્વતંત્રતા મેળવવા માટેની લડાઈ ચાલી પરંતુ, વિશ્વના ઘણા ભાગોમાં પણ તેમના જ સિધ્ધાંતો અનુસાર સત્ય અને અહિંસાના માર્ગે સંઘર્ષો થયા. અશ્વેત લોકોને તેમનો હક અને ન્યાય અપાવવા માટે નેલ્સન મંડેલા લડયા તેઓનું પ્રેરણાસ્થાન પણ ગાંધીજી ? ગાંધીજીને નવી પેઢી સુધી વધારે અસરકારક રીતે કઈ રીતે પહોંચાડી શકાય આ બાબતમાં અલગ-અલગ લોકોએ વિભિન્ન પ્રકારના પ્રયાસો કર્યા છે. આધુનિક યુગમાં ફિલ્મના માધ્યમથી ગાંધીના જીવનને તથા તેમના કાર્યોને લોકો સુધી પહોંચાડી શકાય આ બાબતમાં સફળ પ્રયોગ પણ થયો. મુન્નાભાઈ એમબીબીએસએ આ બાબતનું એક સફળ ઉદાહરણ છે. અબાલ - વૃધ્ધ સૌએ આ ફિલ્મ માણી હતી. યુવાન પેઢીમાં તેને વધુ સ્વકૃતી મળી.

અન્ય એક પ્રયાસ પણ આ બાબતમાં ખૂબ જ નોંધપાત્ર રહયો. ગાંધીજીના સચિવ મહાદેવ દેસાઈના પનોતા પુત્ર નારાયણ દેસાઈએ ગાંધી - કથા વાંચવાનું શરૂ કર્યું. નારાયણ દેસાઈની આ ગાંધીકથાનું આયોજન શહેરની જાણીતી અને માનીતી સંસ્થા કલ્ચરલ ફોરમ દ્વારા પણ થયું જેને ખૂબ સફળ પ્રતિસાદ પણ સાંપડયો. નારાયણ દેસાઈની શૈલીને કારણે દેશ–વિદેશના અનેક સ્થળોએ લોકોને આ કથા માણવાનો સુયોગ પ્રાપ્ત થયો. શાસ્ત્રો અને પુરાણોની કથાઓ પવિત્ર અને પ્રેરણાદાયક છે, આપણા સંસ્કારોમાં વૃધ્ધિ કરનાર પણ છે. પરંતુ, આ બધી ઘટનાઓ અંગેનું કોઈ ઠોસ પ્રમાણ નથી. ઉપરાંત, ઘણીવાર આપણો યુવાવર્ગ આ પ્રાચીન કથાઓ પરત્વે ઉપેક્ષાનો ભાવ પણ સેવે છે. ઘણીબધી બાબતો તેઓને તાર્કિક રીતે અસંગત લાગે છે. જયારે ગાંધીજી તો નજીકના ભૂતકાળમાં જ આપણી વચ્ચે હતા. આઈનસ્ટાઈન જેવા મહાન વૈજ્ઞાનિકે તો કહ્યું પણ ખરું, કે ગાંધી જેવું હાડચામનું બનેલું જીવંત વ્યકિતત્વ આપણી વચ્ચે સદેહે વિહાર કરતું હતું એ વાત કદાચ ભવિષ્યમાં લોકોના ગળે ઉતારવી મુશ્કેલ બનશે. બાપુ ભલે સદેહે આપણી વચ્ચે ન હોય પરંતુ, તેઓના વિચાર કદી પણ અપ્રસ્તુત કે કાલબાહ્ય થાય તેવા નથી. ગાંધીજીનું જીવન એ બંધિયારપણાની નહિ પરંતુ, રેંટિયાના ચકની જેમ સતત જીવંત અને ગતિશીલ છે. જુગતરામ દવેના શબ્દો આ વાતની ફરી ફરી પ્રતીતિ કરાવે છે,

"એનું જીવનકાર્ય અખંડ તપો, અમ વચ્ચે બાપુ અમર રહો !
એના જીવનમંત્ર સમો ચરખો, પ્રભુ ભારતમાં ફરતો જ રહો !"

ગાંધીજીના જીવનમાં ભારતીયોને રસ પડે તે સ્વાભાવિક છે પરંતુ, વિદેશીઓને પણ ગાંધીજીવન અને ગાંધીકાર્યોમાં ખૂબ રસ પડે છે.આ કારણસર જોઈએ તો રિચાર્ડ એટિનબરોના 'ગાંધી' ફિલ્મના માધ્યમથી તેઓ વિશ્વના ઘણા ભાગોમાં પહોંચ્યા. જેવી ચોકસાઈ ગાંધીજી દરેક નાની - નાની બાબત માટે રાખતા તેવી જ ચોકસાઈથી રિચાર્ડ એટિનબરોએ ગાંધી ફિલ્મનું નિર્માણ કર્યું. વિશ્વના અનેક ભાગના લોકોએ આ ફિલ્મને જોઈ તેમજ વખાણી પણ ! ફિલ્મને કારણે ગાંધીજી વિષે જે વિચાર કે ચર્ચાઓ થતી હતી તેને એક નવું બળ મળ્યું ફિલ્મ પણ ઉત્તમ બની અને અનેક પ્રકારના પ્રશંસાના ઈનામો તેને મળ્યા. ૨૯મી ઓગસ્ટ, ૧૯૨૩માં કેમ્બ્રિજમાં જન્મેલા રોબર્ટ એટિનબરો ઈંગ્લિશ એકટર, ફિલ્મ ડિરેકટર તેમજ ફિલ્મ પ્રોડયુસર અને એન્ટરપ્રેન્યોર હતા. ફિલ્મ ડિરેકટર અને પ્રોડયુસર તરીકે બનાવેલી 'ગાંધી' ફિલ્મે તેમને એક સફળ દિગદર્શક બનાવી દીધા. ૧૯૮૩માં તેમને બે એકેડમી એવોર્ડ મળ્યા. બ્રિટીશરો ભારત છોડીને ગયા ત્યારબાદ વર્ષો પછી એક અંગ્રેજ અહીં એક સ્વપ્ન લઈને આવ્યો– મહાત્મા ગાંધી વિષે એક ફિલ્મ બનાવવાનું સ્વપ્ન. તેમણે પંડિત જવાહરલાલ નહેરુ પાસેથી ફિલ્મ બનાવવા માટેની સંમતિ લેવાનો પ્રયાસ કર્યો પણ કોઈ કારણસર એ સમયે અનુમતી ન મળી પણ ત્યાર બાદ, ઈન્દિરા ગાંધી દ્વારા તેમને એ અનુમતી મળી. 'ગાંધી'ફિલ્મએ તેમનું એક passion હતું તેમણે ગાંધીજી વિષેની નાનામાં - નાની બાબત અંગે ખૂબ અભ્યાસ કર્યો હતો જાણે ગાંધીજીને સમર્પિત થઈ ચૂકયા હોય તેટલો અહોભાવ ગાંધીજી તરફ તેમનો રહયો હતો. ફિલ્મ બનાવવા માટે તેમણે ઘણા વર્ષો સુધી ગાંધીજીના જીવન વિષે બારીકઈથી અને ઝીણવટપૂર્વક અભ્યાસ કર્યો હતો. ગાંધીજીની જેમ જ તેઓ પણ સમયપાલનના ચુસ્ત આગ્રહી હતા.

ફિલ્મના મુખ્ય કલાકારો થીયેટર આર્ટીસ્ટ્સ અથવા સ્ટેજ એકટ્સ હતા. ૧૯૮૦માં 'ગાંધી' ફિલ્મના કલાકારોની પસંદગી માટે લંડન ખાતે સ્ક્રીન ટેસ્ટનું આયોજન થયું. ભકિત ભાર્વે, જહોન હર્ટ, સ્મિતા પાટીલ, નસરુદીન શાહ, બેન કિન્સ્લે અને રોહિણી હટ્ટંગડી. આ તમામ દિગ્ગજ કલાકોરને બોલાવીને સ્ક્રીન ટેસ્ટ કરાયા બાદ રોહિણી અને બેન કિંગ્સલેની પસંદગી કરવામાં આવી. રિચાર્ડ એટિનબરોએ આ ફિલ્મ માટે લગભગ ૨૦ વર્ષ સુધી ગહન અભ્યાસ કર્યો હતો. તેમણે કલાકારોને પણ પોતાના કેરેકટરને સારી રીતે પ્રસ્તુત કરવા અંગે પૂરતી છૂટછાટ આપી હતી. કોઈ જ સમયમર્યાદા વિના દરેક કલાકારને પોતાના પાત્ર સાથે ઓતપ્રોત થવાની અનુકૂળતા કરી આપવામાં આવતી. ઓકસર એવાર્ડ વિજેતા આ ફિલ્મે ફિલ્મ મેકર, ફિલ્મના કલાકારો તેમ જ ફિલ્મનો ભાગ બનનાર તમામાને અમર બનાવી દીધા. ફિલ્મનુ ફિલ્માંકન કરવામાં રિચાર્ડ એટિનબરોની મહેનત, ધગશ અને લગન સ્ક્રીન પર સ્પષ્ટપણે દેખાઈ અને ફિલ્મજગતે તેની નોંધ પણ લીધી. ૧૯૮૩માં રિચાર્ડ એટિનબરો 'પદ્મ ભૂષણ'ના ખિતાબથી નવાજવામાં આવ્યા. આ ઉપરાંત પણ તેમને ઘણા સન્માનનીય એવોર્ડ્સ એનાયત કરવામાં આવ્યા. 'ગાંધી' ઉપરાંત પણ તેમણે 'જુરાસિક પાર્ક' 'ધ ગ્રેટ એસ્કેપ' જેવી અનેક સફળ ફિલ્મોનું નિર્માણ કર્યું અને એવોર્ડ્સ પણ મેળવ્યા. ૨૪મી ઓગસ્ટ, ૨૦૧૪ ના દિવસે તેમના જન્મદિવસના ૪ દિવસ પૂર્વે જ ૯૦ વર્ષની વયે તેઓ અવસાન પામ્યા. તેમણે જીવનને ભરપૂર માણ્યું, જીવ્યું. પોતાના ફિલ્મ જગતના પદાર્પણ દ્વારા તેઓ તેમની અદ્‌ભૂત કૃતિઓ દ્વારા તેઓ હરહંમેશ આપણી વચ્ચે રહેશે જ!

જવાહરલાલ નહેરુએ કહ્યું તેમ, આજે સંસારમાં ભારત દેશનું એક આગવું સ્થાન છે તેનું સૌથી મહત્વપૂર્ણ કારણ છે આ દેશમાં મહાત્મા ગાંધીજીનું અવતરણ. તેમના કારણે લોકો ભારતને નૈતિક દ્રષ્ટિએ ઉચ્ચ માનવા લાગ્યા. ગાંધીજીમાં આશ્ચર્યજનક ગુણો હતા. સંક્ષિપ્તમાં કહીએ તો, ભારતની આ ધરા પર ભગવાનનો એક એવો ફરિશ્તો આવ્યો જેણે પોતાની તપસ્યાથી આ ધરતીને પવિત્ર બનાવી તેમણે માત્ર હિન્દુસ્તાનની ધરતી જ નહીં, અહીંના લોકોના હૃદયને પણ પવિત્ર બનાવ્યા. ચતુર અને સમજદાર લોકોથી લઈને નમ્ર, દરિદ્ર અને દુઃખી લોકોના હૃદય સુધી પહોંચીને ગાંધીજીએ તેમના અંતરઆત્માને જાગૃત કર્યા. જોવાની ખૂબી તો એ છે કે, એક કમજોર શરીરવાળા નાનકડા સામાન્ય માનવીની આત્મામાં પર્વત સમાન મજબૂતી હતી, જે મોટામાં–મોટી તાકાત સામે પણ ઝૂકયા વિના ઝઝુમતી હતી. તેમનો દેખાવ અત્યંત સામાન્ય હતો, પરંતુ તેમના વ્યકિત્વમાં રાજા–મહારાજાઓ જેવી શાન હતીલ જેની સામે સૌ લોકો સ્વૈચ્છિક રીતે જ ઝૂકી જતાં તેમની નજર શાંત અને ગહન હતી. તેમનો અવાજ પાણીની જેમ દરેકના હૈયે સરળતાથી પહોંચીને તેનામાં સમાવિષ્ટ થઈ જતો અને સામાન્ય માણસ કોઈ અદભ્ય ભાવનાથી સભર બનીને તેમના ઈશારે ચાલવા પ્રેરાઈ જતો. આવા આ યુગપુરુષને આપણા શત શત વંદન...

Last Seen :

સત્ય ઉપાસનાનું હતું તેને તાન, યાદ છે?
તુચ્છનું પણ હતું તેને હૈયે સન્માન, યાદ છે?
ના કોઈ ડોળ, ના કોઈ દમામ, યાદ છે?
હતું મોહનદાસ ગાંધી એનું નામ, યાદ છે?

- મેહુલ ભટ્ટ

- nehalgadhavi101@gmail.com

જ્યાં ભય હોય ત્યાં ધર્મ સંભવતો નથી

અતિતની આજ
ડૉ. હરિ દેસાઈ

હમણાં ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી મહાત્મા ગાંધીના રામરાજ્યની વિભાવનાને વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાકાર કરી રહ્યા હોવાની પ્રગટવાણી વદ્યા એટલે સાહજિક જ અમારા જેવા ગાંધીવિચારના વિદ્યાર્થી રહેલા જણને મન થયું કે મહાત્માએ કેવા રામરાજ્યની કલ્પના કરી હતી અને વર્તમાનમાં કેવું રામરાજ્ય વિજયભાઈના આરાધ્યપુરુષ થકી અમલમાં આણવામાં આવી રહ્યું છે એની વાત મૂકવી. અમે મહાત્માના છેલ્લા અધિકૃત વિચારને મૂકીને વાંચકો પર એ તુલના કરવાનું છોડવાનું પસંદ કરીએ છીએ.રામરાજ્યના અમલ ઉપરાંત સનાતન ધર્મના અનુયાયી તરીકે ગાંધીજીની પ્રસ્તુતિ પણ કેવી રીતે થાય છે એ પણ સમજવાની જરૂર છે. મહારાષ્ટ્ર કેડરના સંઘનિષ્ઠ આઈએએસ અધિકારી અવિનાશ ધર્માધિકારીએ એકાદ દાયકા સુધી સરકારી સેવા કર્યા પછી રાજીનામું આપીને પુણેમાં ચાણક્ય અકાદમી શરૂ કરી જે અભ્યાસપૂર્ણ વ્યાખ્યાનો આપ્યાં અને રાજકારણમાં પણ હાથ અજમાવી એમણે "ગર્વ સે કહો હમ હિંદુ હૈ"નો કોપીરાઈટ ગાંધીજીને નામે નોંધાવાની ગુસ્તાખી કરી ત્યારે વાસ્તવમાં "હિંદુ હોવાનો ખસૂસ ગર્વ"અનુભવતા મહાત્માના શબ્દોનું કેવું વિકૃતીકરણ થાય છે એ પણ સમજવાની જરૂર ખરી. મહાત્મા ગાંધીના નામે ચાલતી સંસ્થાઓ અને સરકારના અનુદાન પર જીવીને મહાત્માના સ્વાવલંબનને તિલાંજલિ આપી પોતાને ગાંધીવાદી ગણાવનાર